જાડેજાની લડત છતાં ઇંગ્લેન્ડે ત્રીજી ટેસ્ટ 22 રને જીતી

જાડેજાએ બુમરાહ અને સિરાજ સાથે મળી 34.2 ઓવર રમીને ત્યાં સુધી ઇંગ્લેન્ડનો શ્વાસ અદ્ધર રાખ્યો

112 રને આઠમી વિકેટ પડ્યા પછી જાડેજાએ બુમરાહ અને સિરાજ સાથે મળીને કુલ 52 રન ઉમેર્યા

લંડન, તા. 14 : લોર્ડસના મેદાન પર રમાયેલી ત્રીજી ટેસ્ટના આજે સોમવારે પાંચમા અને અંતિમ દિવસે ભારતની આઠ વિકેટ પડ્યા પછી રવિન્દ્ર જાડેજાએ જસપ્રીત બુમરાહ અને મહંમદ સિરાજ સાથે મળીને 34.2 ઓવર બેટિંગ કરીને ઇંગ્લેન્ડનો શ્વાસ સતત અદ્ધર રાખ્યો હતો, જો કે શોએબ બશીરનો એક બોલ સિરાજની બેટ પરથી પેડમાં વાગ્યા પછી રગડીને સ્ટમ્પમાં ઘુસી જતાં ભારતની અંતિમ વિકેટ પડી હતી અને તેની સાથે ઇંગ્લેન્ડે 22 રને મેચ જીતીને સીરિઝમાં 2-1ની સરસાઇ મેળવી લીધી હતી.

. દિવસની શરૂઆત ભારતને જીતવા માટે 135 રનની જરૂર હતી અને મુલાકાતીઓ સામે 193 રનનો લક્ષ્યાંક મૂક્યા બાદ ઇંગ્લેન્ડને જીત માટે છ વિકેટની જરૂર હતી.. ઇંગ્લેન્ડે લંચ બ્રેક પહેલા ચાર ભારતીય બેટ્સમેનોને આઉટ કરી દીધા હતા અને તેમને લંચ બ્રેક સમયે જ જીતની સુગંધ આવવા માંડી હતી, જો કે અંતિમ બે સત્રમાં બાકીની બે વિકેટ માટે તેમને સખત મહેનત કરવી પડી હતી. ભારતે આઠમી વિકેટ 39.3 ઓવરમાં ગુમાવી હતી. તે પછી જાડેજાએ બુમરાહ સાથે 22 ઓવર જ્યારે સિરાજ સાથે 13.2 ઓવર બેટિંગ કરીને ઇંગ્લેન્ડને જીત માટે મથાવ્યું હતું. ઇંગ્લેન્ડના 193 રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ભારતીય ટીમ 170 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. મહેમાન ટીમ તરફથી જાડેજાએ સૌથી વધુ નોટઆઉટ 61 રન બનાવ્યા હતા જ્યારે ઓપનર લોકેશ રાહુલે 39 રન બનાવ્યા હતા. ઇંગ્લેન્ડ તરફથી જોફ્રા આર્ચર અને બેન સ્ટોક્સે ત્રણ-ત્રણ વિકેટ લીધી હતી.

ઇંગ્લેન્ડ પ્રથમ દાવ	387			
ભારત પ્રથમ દાવ	387			
ઇંગ્લેન્ડ બીજો દાવ	192			
ભારત બીજો દાવ	રન	બોલ	4	6
જયસ્વાલ કો.સ્મિથ બો.આર્ચર	0	7	0	0
રાહુલ LB બો.સ્ટોક્સ	39	58	6	0
કરુણ LB બો.કાર્સ	14	33	1	0
ગીલ LB બો.કાર્સ	6	9	1	0
આકાશ દીપ બો.સ્ટોક્સ	1	11	0	0
પંત બો.આર્ચર	9	12	2	0
જાડેજા નોટઆઉટ	61	181	4	1
સુંદર કોએન્ડબો.આર્ચર	0	4	0	0
નીતિશ કો.સ્મિથ બો.વોક્સ	13	53	1	0
બુમરાહ કો.ફૂક બો.સ્ટોક્સ	5	54	1	0
સિરાજ બો.બશીર	4	30	0	0
વધારાના	18			
કુલ (74.5 ઓવરમાં ઓલઆઉટ)170				

વિકેટપતન : 1/5, 2/41, 3/53, 4/58, 5/71, 6/81, 7/82, 8/112, 9/147, 10/170

બોલિંગ	O	M	R	W
ક્રિસ વોક્સ	12	5	21	1
જોફ્રા આર્ચર	16	1	55	3
બેન સ્ટોક્સ	24	4	48	3
બ્રેડન કાર્સ	16	2	30	2
જો રૂટ	1	0	1	0
શોએબ બશીર	5.5	1	6	1

રવિન્દ્ર જાડેજાએ ઇંગ્લેન્ડમાં સતત ચાર કે તેથી વધુ 50+ સ્કોર બનાવનાર ત્રીજો ભારતીય બન્યો

ભારતીય ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાએ ઇંગ્લેન્ડ સામેની ટેસ્ટ સીરિઝમાં પોતાનું શાનદાર ફોર્મ ચાલુ રાખીને લોર્ડસમાં રમાયેલી ત્રીજી ટેસ્ટ દરમિયાન સતત ચોથી ઇનિંગમાં અડધી સદી ફટકારી છે. આ સાથે, જાડેજા હવે ઇંગ્લેન્ડમાં સતત ચાર કે તેથી વધુ 50+ સ્કોર બનાવનાર ત્રીજો ભારતીય બેટ્સમેન બની ગયો છે. આ યાદીમાં તેના પહેલા વિકેટકીપર બેટ્સમેન ઋષભ પંતનું નામ આવે છે, જેણે 2021 થી 2025 દરમિયાન ઇંગ્લેન્ડમાં સતત પાંચ વખત 50 કે તેથી વધુ રન બનાવ્યા હતા. જ્યારે 2002માં, સૌરવ ગાંગુલીએ પણ ચાર અડધી સદી ફટકારીને આ સિદ્ધિ હાંસલ કરી હતી.

પામરના બે ગોલથી ચેલ્સીએ PSGને હરાવી ક્લબ વર્લ્ડકપ ટાઇટલ જીત્યું

મેચના પહેલા હાફમાં જ ચેલ્સીએ ત્રણ ગોલની સરસાઇ મેળવીને તેને અંત સુધી જાળવી રાખી

પામરે બે ગોલ કરવાની સાથે જોઆનો પેડ્રોને ત્રીજો ગોલ સેટ કરી મેચમાં મુખ્ય ભૂમિકા ભજવી

ઈસ્ટ રધરફોર્ડ, તા. 14 (એપી) : ફિફા ક્લબ વર્લ્ડકપની ગઇકાલે રવિવારે મોડી રાત્રે અહીં રમાયેલી ફાઇનલમાં કોલ પામરના બે ગોલ અને જોઆઓ પેડ્રોના એક ગોલની મદદથી ચેલ્સીએ યુરોપિયન ચેમ્પિયન પેરિસ સેન્ટ-જર્મનને 3-0થી હરાવીને ક્લબ વર્લ્ડકપ ટાઇટલ જીત્યું હતું.

પામરે મેચના પહેલા હાફમાં 22મી અને 30મી મિનિટમાં પેનલ્ટી એરિયાની અંદરથી ડાબા પગે લગભગ સમાન ગોલ કર્યા હતા. તે પછી તેણે મોકલેલા એક થ્રુ પાસને કારણે જોઆઓ પેડ્રોએ 43મી મિનિટમાં ગોલકીપર ગિયાનલુઇગી ડોનારુમ્માને ચાતરીને ટીમનો ત્રીજો ગોલ કર્યો હતો અને તેની સાથે જ ચેલ્સીએ પહેલા હાફમાં જ ત્રણ ગોલની સરસાઇ મેળવી લીધી હતી. બે વર્ષ પહેલાં માન્ચેસ્ટર સિટીથી ચેલ્સીમાં જોડાયેલા 23 વર્ષીય, પામરે આ સિઝનમાં 18 ગોલ કર્યા છે. 84મી મિનિટમાં જોઆઓ નેવેસને માર્ક કુક્યુરેલાને વાળથી નીચે ખેંચવા બદલ રેડ કાર્ડ અપાતા પીએસજીએ એક ઓછા ખેલાડીથી રમવું પડ્યું હતું. સાથે છ યલો કાર્ડ સાથેની રમતમાં છેલ્લી થોડી મિનિટોમાં ઘર્ષણ વધેલું જણાયું હતું. મેટલાઇફ સ્ટેડિયમ ખાતે એમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સહિત 81,188 લોકોની હાજરી સમક્ષ ચેલ્સીએ સેમિફાઇનલ પછી ચાર દિવસના આરામની ઉર્જા દર્શાવી હતી.

ચેલ્સીની વિજય ઉજવણીમાં ટ્રમ્પ અવરોધક, ટ્રોફી સોંપ્યા પછી પોડિયમ પર જ ઊભા રહ્યા

અમેરિકાના પૂર્વ રધરફોર્ડમાં આયોજિત ફિફા ક્લબ વર્લ્ડકપની ગઇકાલે રવિવારે મોડી રાત્રે રમાયેલી ચેલ્સી અને પીએસજી વચ્ચેની ફાઇનલને જોવા માટે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પણ આવ્યા હતા. પીએસજીને હરાવ્યા પછી વિજેતા ચેલ્સીની ટીમને ટ્રમ્પના હસ્તે ટ્રોફી અપાઇ હતી. જો કે ટ્રોફી આપી દીધા પછી પણ ટ્રમ્પ પોડિયમ છોડવા તૈયાર ન હોય તેમ ત્યાં જ ઊભા રહ્યા હતા અને તે પછી ફિફા પ્રમુખ ગિયાની ઇન્ફેન્ટિનો તેમને પોડિયમ પરથી ઉતારીને પાછળ લઇ ગયા હતા. આ ઘટનાથી ચેલ્સીના વિજયના હીરો રહેલા કોલ પામરે સ્વીકાર્યું કે સમારંભ દરમિયાન ટ્રમ્પની પોડિયમ પર સતત હાજરીથી હું આશ્ચર્યચકિત થયો હતો. મને ખબર હતી કે તેઓ ત્યાં હતા, પરંતુ મને ખબર નહોતી કે જ્યારે અમે ટ્રોફી ઉપાડીશું, ત્યારે તેઓ સ્ટેન્ડ પર જ રહેશે. તેથી હું ઉજવણી કરવામાં થોડો મૂંઝવણમાં હતો.

સાત વર્ષના લગ્નજીવન પછી સાઇના નેહવાલની પારુપલ્લી કશ્યપથી અલગ થવાની જાહેરાત

સાઇનાએ ઇન્સ્ટાગ્રામ પર અલગ થવા સંબંધે સંક્ષિપ્ત નોટ લખી, કશ્યપ તરફથી કોઇ પ્રતિક્રિયા નથી આવી

હૈદરાબાદ, તા. 14 : સ્ટાર બેડમિન્ટન ખેલાડી સાઇના નેહવાલે રવિવારે લાંબા સમયના જીવનસાથી પારુપલ્લી કશ્યપથી અલગ થવાના પોતાના નિર્ણયની જાહેરાત કરી હતી. સાઇનાએ ઇન્સ્ટાગ્રામ પર એક સંક્ષિપ્ત નિવેદન દ્વારા પોતાના નિર્ણયની જાહેરાત કરી હતી. લગભગ 7 વર્ષના લગ્નજીવન પછી સાઇના અને પારુપલ્લી અલગ થવાના છે. બીજી બાજુ, કશ્યપે હજુ સુધી નિવેદનનો જવાબ આપ્યો નથી કે અલગ થવાની જાહેરાત કરી નથી.

હૈદરાબાદની પુલેલા ગોપીચંદ એકેડેમીમાં ભારતીય બેડમિન્ટનમાં સાયના અને પારૂપલ્લી એકસાથે મોટા થયા હતા. સાયના ઓલિમ્પિક્સ બ્રોન્ઝ અને વર્લ્ડ નંબર વન રેન્કિંગ સાથે વૈશ્વિક આઇકોન બની ગઈ, જ્યારે કશ્યપે કોમનવેલ્થ ગેમ્સમાં ગોલ્ડ મેડલ અને આંતરરાષ્ટ્રીય મંચ પર સતત પ્રદર્શન કરીને પોતાનો વારસો બનાવ્યો હતો.

સાયના નેહવાલે રવિવારે મોડી રાત્રે એક આંચકાજનક નિવેદન જાહેર કર્યું હતું કે જીવન ક્યારેક આપણને જુદી જુદી દિશામાં લઈ જાય છે. ઘણા વિચાર અને વિચારણા પછી, મેં અને કશ્યપ પારુપલ્લીએ અલગ થવાનો નિર્ણય લીધો છે. અમે અમારા માટે શાંતિ, વિકાસ અને ઉપચાર પસંદ કરી રહ્યા છીએ. હું એ ચાહો માટે આભારી છું અને આગળ વધવા માટે શ્રેષ્ઠ ઈચ્છું છું. આ સમય દરમિયાન અમારી પ્રાઇવસીને સમજવા અને આદર આપવા બદલ આભાર.

એશિયન ચેમ્પિયન ૧૦૦ મીટર હર્ડલર જ્યોતિ યારાજીના ઘૂંટણની સર્જરી

સર્જરીને કારણે જ્યોતિ યારાજી સપ્ટેમ્બરમાં યોજાનારી વર્લ્ડ ચેમ્પિયનશિપમાંથી બહાર, હવે આવતા વર્ષે જ વાપસી

નવી દિલ્હી, તા. 14 (પીટીઆઈ) : એશિયન ચેમ્પિયન અને નેશનલ રેકોર્ડ હોલ્ડર ૧૦૦ મીટર હર્ડલર જ્યોતિ યારાજીએ ઘૂંટણની સર્જરી કરાવી છે. આ સર્જરીને કારણે, તે સપ્ટેમ્બરમાં યોજાનારી વર્લ્ડ ચેમ્પિયનશિપમાંથી બહાર થઈ જશે અને વર્તમાન સિઝન પણ તેના માટે સમાપ્ત થઈ જશે. આ સર્જરી પ્રસિદ્ધ સર્જન ડૉ. દિનશા પારડીવાલાએ કરી હતી.

યારાજીએ ઇન્સ્ટાગ્રામ પર લખ્યું હતું કે તમામને નમસ્તે, મને તમને જણાવતા આનંદ થાય છે કે આ શુક્રવારે ડૉ. દિનશા પારડીવાલાએ મારા જમણા ઘૂંટણની ACL (એન્ટિરિયર ક્રુસિએટ લિગામેન્ટ) સર્જરી કરી હતી જે સફળ રહી હતી. છેલ્લા કેટલાક અઠવાડિયા મારા માટે મુશ્કેલ રહ્યા છે કારણ કે આ ઈજાએ મને જે સૌથી વધુ ગમે છે તે કરવા દીધું નથી. ACL સર્જરીમાંથી સ્વસ્થ થવામાં સામાન્ય રીતે ઓછામાં ઓછા છ મહિના લાગે છે. આનો અર્થ એ થયો કે યારાજી ટોક્યો વર્લ્ડ ચેમ્પિયનશિપ (13-21 સપ્ટેમ્બર) ચૂકી જશે અને આવતા વર્ષે જ પરત ફરી શકશે.

એશિયન ગેમ્સની સિલ્વર મેડલ વિજેતા યારાજીએ આ મહિનાની શરૂઆતમાં જાહેરાત કરી હતી કે તેણીને તાલીમ દરમિયાન ઘૂંટણમાં ઈજા થઈ છે. તેના કોચ જેમ્સ હિલિયરે પીટીઆઈને જણાવ્યું હતું કે ઈજા ખૂબ ગંભીર હતી.

ક્લબ વર્લ્ડકપ ફાઇનલ પછી PSG-ચેલ્સીના ખેલાડીઓ વચ્ચે ઘર્ષણ, કોચ એનરિકે પેડ્રોને ધક્કો માર્યો

રવિવારે રમાયેલી ફિફા ક્લબ વર્લ્ડ કપ ફાઇનલ પછી ઝપાઝપી શરૂ થઈ હતી, જેમાં પેરિસ સેન્ટ-જર્મનના કોચ લુઇસ એનરિક અને ગોલકીપર ગિયાનલુઇગી ડોનારુમ્મા ચેલ્સીને જોઆઓ પેડ્રોને આગળ ધકેલીને આગળ ધકેલતા જોવા મળ્યા હતા. ચેલ્સીની 3-0ની જીતવાળી આ મેચ ખૂબ જ તંગ બની ગઈ હતી. પીએસજીના જોઆઓ નેવેસને માર્ક કુક્યુરેલાના વાળ પકડવા બદલ રેડ કાર્ડ બતાવવામાં આવ્યું હતું અને કુલ છ યલો કાર્ડ પણ આપવામાં આવ્યા હતા. એનરિક સેન્ટર સર્કલ પાસે મેદાન પર હતો અને તેણે જોઆઓ પેડ્રોને ગળું દબાવ્યું હોય તેવું લાગતું હતું. પીએસજીના ગોલકીપર ડોનારુમ્માએ પણ 23 વર્ષીય પેડ્રોને ધક્કો માર્યો હતો, જેના કારણે તે પડી ગયો હતો. ચેલ્સીના મેનેજર એન્ઝો મારેસ્કાએ સાથી ઇટાલિયન ખેલાડી ડોનારુમ્માને મેદાન છોડી જવા કહ્યું હતું.

અલ્કારાઝ પરની જીતથી વિમ્બલ્ડન ટાઇટલ વધુ ખાસ બન્યું : યાનિક સિનર

જ્યારે તમે કોઇની સામે ઘણી વખત હાર્યા હોવ ત્યારે કંઇ સરળ નથી હોતું તેથી આ જીત ખાસ છે : સિનર

લંડન, તા. 14 (એપી) : યાનિક સિનર ફાઇનલમાં તેનો પ્રતિસ્પર્ધી ગમે તે હોય, વિમ્બલડન ટાઇટલ જીતવા જ માગતો હતો, પરંતુ હવે તે સ્વીકારે છે કે કાર્લોસ અલ્કારાઝ પરની તેની જીતે આ ટાઇટલને વધુ ખાસ બનાવી દીધું છે. રવિવારે અહીં રમાયેલી ફાઇનલમાં બે વખતના ચેમ્પિયન અલ્કારાઝને 4-6, 6-4, 6-4, 6-4 થી હરાવીને વિશ્વનો નંબર વન સિનર પ્રથમ વખત વિમ્બલડન ચેમ્પિયન બન્યો હતો.

સિનરે મેચ પછી કહ્યું હતું કે તે ચોક્કસપણે ઘણું અર્થપૂર્ણ છે કારણ કે જ્યારે તમે કોઈની સામે ઘણી વખત હારી જાઓ છો, ત્યારે તે સરળ નથી હોતું. સિનર અગાઉ અલ્કારાઝ સામે સતત પાંચ મેચ હારી ગયો હતો અને ગયા મહિને ફ્રેન્ચ ઓપન ફાઈનલ કરતાં વધુ નિરાશાજનક કોઈ મેચ નહોતી. સિનરે તે મેચમાં બે સેટની લીડ લીધી, પછી ત્રણ ચેમ્પિયનશિપ પોઈન્ટ બચાવ્યા પરંતુ આખરે પાંચ કલાક અને 29 મિનિટ ચાલેલી મેચમાં પાંચ સેટમાં હારી ગયો હતો.

અલ્કારાઝે કહ્યું કે તે બંને વચ્ચેની હરીફાઈ ટેનિસ માટે સારી છે. તેણે કહ્યું હતું કે તેની સાથે આ સ્પર્ધા હોવાથી હું ખરેખર ખુશ છું. તે અમારા માટે અને ટેનિસ માટે ખૂબ જ સારી વાત છે. જ્યારે પણ અમે એકબીજા સામે રમીએ છીએ, ત્યારે આપણા રમતનું સ્તર ખરેખર ઊંચું હોય છે.

વિમ્બલડન ચેમ્પિયન્સના બોલ પર યાનિક સિનર અને ઇગા સ્વિટેકનો થોડો ઓકવર્ડ ડાન્સ



વિમ્બલડન 2025ના સિંગલ્સ ચેમ્પિયનોએ માત્ર કોર્ટ પર તેમના પ્રદર્શનથી જ નહીં, પરંતુ તેમની શૈલીથી પણ સોમવારે યોજાયેલા પરંપરાગત ચેમ્પિયન્સ ડિનર દરમિયાન બધાનું ધ્યાન ખેંચ્યું હતું. ઇટાલીના યાનિક સિનર અને પોલેન્ડની ઇગા સ્વિટેક, પોતપોતાના ટાઇટલ જીત્યા પછી, બ્લેક-ટાઈ ઇવેન્ટમાં સ્પોટલાઇટ અને ડાન્સ કર્યો હતો. બંને ડાન્સ કરતી વખતે થોડું ઓકવર્ડ ફિલ કરતાં હોય તેવું જણાતું હતું, છતાં તેઓ એ ડાન્સમાં ભવ્ય લાગતા હતા. વિમ્બલડને X પરના સત્તાવાર એકાઉન્ટ પર સિનર અને સ્વિટેકના ડાન્સ કરતા ફોટા શેર કર્યા હતા.

પ્રિન્સેસ ઓફ વેલ્સ કેટે યાનિક સિનરને ટ્રોફી સોંપી

લંડન, 14 જુલાઈ (એપી) વેલ્સના રાજકુમારી કેટ રવિવારે તેમના પતિ પ્રિન્સ વિલિયમ અને તેમના બે બાળકો સાથે પુરુષોની ફાઇનલ જોવા માટે વિમ્બલડન પરત ફર્યા હતા. ઓલ ઇંગ્લેન્ડ ક્લબના પેટ્રન રાજકુમારી કેટે સેન્ટર કોર્ટ પર સિનરને વિજેતાની ટ્રોફી આપી હતી. કેન્સરની સારવાર બાદ રાજકુમારી સતત બીજા દિવસે વિમ્બલડનમાં હતા. શનિવારે, તેમણે મહિલા ફાઇનલમાં હાજરી આપીને ચેમ્પિયન ઇગા સ્વિટેકને ટ્રોફી આપી હતી. રવિવારે બ્રિટિશ રાજવી પરિવાર સાથે સ્પેનના રાજા ફેલિપ છઠ્ઠા, અનેક માજી વિમ્બલડન ચેમ્પિયન અને હોલીવુડની અનેક હસ્તીઓ જોડાઈ હતી. લંડનના મેયર સાદિક ખાન, અભિનેત્રી કેઇરા નાઇટલી, મેથ્યુ મેકકોનાગી, નિકોલ કિડમેન અને જોન લિથગો બધા રોયલ બોક્સમાં બેઠા હતા.

અનુસંધાન ... પાના પહેલાનું

બિટકોઇનની...

ટ્રમ્પ અને મોટા ખર્ચ કરતી ક્રિપ્ટો લોબી દ્વારા ઝડપથી કાયદો પસાર કરવા માટે દબાણ કરવામાં આવ્યું છે. આમાં ગયા મહિને સેનેટ દ્વારા પસાર કરાયેલ બિલનો સમાવેશ થાય છે જે સ્ટેબલકોઇન્સ તરીકે ઓળખાતી ક્રિપ્ટોકરન્સીના પ્રકારને નિયંત્રિત કરશે. ગૃહ ક્રિપ્ટોકરન્સી બજાર માળખાના કાયદા પર પણ ચર્ચા કરવા માટે તૈયાર છે જે વધુ વ્યાપક કાયદો છે. એપ્રિલથી બિટકોઇનમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે. એપ્રિલમાં તે થોડા સમય માટે 75,000 ડોલરની નીચે ગયો હતો.

સોશ્યલ મીડિયા...

અને અભિવ્યક્તિની સ્વતંત્રતા એક મૂળભૂત અધિકાર છે. પરંતુ કોઈ આત્મસંયમ અને સ્વ-નિયમન નથી... જો નાગરિકો આ મૂળભૂત અધિકારનો આનંદ માણવા માંગતા હોય તો તેમણે પોતાને નિયંત્રિત કરવા પડશે અને કોઈ પ્રકારનો આત્મસંયમ રાખવો પડશે.

લગ્ન વિવાદના...

કરેલી વાતચીતની નોંધ લઈ શકાય છે. તેણે ફેમિલી કોર્ટને રેકોર્ડ કરેલી વાતચીતની ન્યાયિક નોંધ લીધા પછી કેસ આગળ વધારવા કહ્યું. કલમ ૧૨૨ લગ્ન દરમિયાન વાતચીત સાથે સંબંધિત છે અને કહે છે કે કોઈપણ વ્યક્તિ જેણે લગ્ન કર્યા છે તેને લગ્ન દરમિયાન એવી કોઈ પણ વ્યક્તિ દ્વારા કરવામાં આવેલ કોઈપણ વાતચીત જાહેર કરવાની ફરજ પાડવામાં આવશે નહીં જેની સાથે તેણે લગ્ન કર્યા છે. આ કેસ ભટિંડામાં ફેમિલી કોર્ટના એક નિર્ણય પરથી ઉદ્ભવ્યો છે જેમાં પતિને ક્રૂરતાના દાવાઓને સમર્થન આપવા માટે તેની પત્ની સાથેના ફોન કોલ્સ રેકોર્ડિંગ ધરાવતી કોમ્પેક્ટ ડિસ્ક પર આધાર રાખવાની મંજૂરી આપવામાં આવી હતી. પત્નીએ આને હાઈકોર્ટમાં પડકાર્યો હતો, એવી દલીલ કરી હતી કે રેકોર્ડિંગ તેની જાણકારી કે સંમતિ વિના કરવામાં આવ્યા હતા અને તેના ગોપનીયતાના મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન કરે છે. હાઈકોર્ટે પત્નીની અરજી સ્વીકારી હતી અને પુરાવાઓને અસ્વીકાર્ય ઠેરવ્યા હતા, એમ કહીને કે ગુપ્ત રેકોર્ડિંગ ગોપનીયતાનો સ્પષ્ટ ભંગ છે અને કાયદેસર રીતે ગેરવાજબી છે. જોકે, ન્યાયાધીશ નાગરત્ના આ સ્થિતિ સાથે અસંમત હતા. અમને નથી લાગતું કે આવી દલીલ માન્ય છે. જો લગ્ન એવા તબક્કામાં પહોંચી ગયા હોય જ્યાં પતિ-પત્ની એકબીજા પર સક્રિયપણે જાસૂસી કરી રહ્યા હોય, તો તે પોતે જ તૂટેલા સંબંધનું લક્ષણ છે અને તેમની વચ્ચે વિશ્વાસનો અભાવ દર્શાવે છે એમ તેમણે કહ્યું હતું. આથી આવા રેકર્ડિંગને પુરાવા તરીકે રજૂ કરવામાં આવે તો એમ નહીં કહી શકાય કે તે જાસૂસી વડે મેળવાયેલા પુરાવાઓ છે એમ જસ્ટિસ નાગરત્નાએ કહ્યું હતું.

હવે સમોસા, જલેબી...

ઉમેરો કર્યો હતો. શિવસેનાના સાંસદ મિલિંદ દેવરા, જે ગૌણ કાયદા અંગેની સંસદીય સમિતિના અધ્યક્ષ છે, તેમણે સોમવારે પીત્ઝા, બર્ગર અને ડોનટ્સ જેવી ખાદ્ય ચીજોને સમોસા, જલેબી અને વડાપાવની જેમ જ આરોગ્ય જોખમો તરીકે ગણવા અને તેનું નિયમન કરવાની હિમાયત કરી હતી.

નાણા મંત્રી...

ત્યારે ગૃહ મંત્રી આ વાટાઘાટો કેમ કરવા જઇ રહ્યા છતો તેનો જવાબ એ છે કેન્દ્ર સરકારમાં અમિત શાહનું વજન વધુ પડે છે. કેટલાક પડતર મુદ્દાઓ રાજકીય રીતે સંવેદનશીલ હોવાથી તેઓ આ ભૂમિકા ભજવે તેવી અપેક્ષા છે. ભૂતકાળમાં શાહ વિનિવેશ અને મહત્વની ખાદ્ય ચીજોના ભાવ વધારા જેવી અન્ય આર્થિક ચર્ચાઓમાં સામેલ રહ્યા છે. ૧૨ ટકાનો સ્લેબ નાબૂદ કરવાનો મુદ્દો બહુ સાવચેતીથી હાથ ધરવા જેવો મુદ્દો છે અને આવી બાબતમાં અમિત શાહની કુશળતા જોતા તેમની મદદ લેવામાં આવી રહી છે.

જીએસટી દર...

જો કે, હાલમાં તેમાં પાંચ મુખ્ય સ્લેબ છે - 0%, 5%, 12%, 18% અને 28%, ઉપરાંત લક્ઝરી અને સિન ગુડ્સ પર વધારાના સેસ ચાર્જ. સ્લેબની સંખ્યા ઘટાડીને માળખાને સરળ બનાવવાના પ્રયાસો ચાર વર્ષથી વધુ સમયથી ચાલી રહ્યા છે. કેટલાક વિપક્ષ શાસિત રાજ્યોએ જીવન અને આરોગ્ય વીમા પ્રીમિયમ પર GSTમાં 18% થી ઘટાડીને 5% કરવાની પણ માંગ કરી છે - પરંતુ કાઉન્સિલે ડિસેમ્બર 2024 માં તેની 55મી બેઠકમાં આ અંગેનો નિર્ણય મુલતવી રાખ્યો હતો.

દિલ્હી ડાયરી...

સમાવેશ થાય છે. એનટીસીએએ દિલ્હીની બહાર પ્રોજેક્ટ ટાઇગર સંબંધિત આ બેઠકો યોજવાની પ્રક્રિયા શરૂ કરી છે તે સારું છે. વાઘના નિવાસસ્થાનથી દૂર દિલ્હીના એર-કન્ડિશન્ડ ઓડિટોરિયમમાં નહીં, પરંતુ સંબંધિત વાતાવરણમાં આવી બેઠકો યોજવાથી વાસ્તવિક અભિગમનો સ્પર્શ મળે છે. વન્યજીવનના રક્ષણ માટે અથવા પર્યાવરણના વિવિધ પાસાઓ માટે મંત્રાલય હેઠળ ચાલતા અન્ય પ્રોજેક્ટ્સના સંદર્ભમાં પર્યાવરણ મંત્રાલયે આ પેટર્નનું પાલન કરવું જોઈએ.

ઓવૈસીનું ભાષણ શરૂ થયું એટલે લોકો ચાલવા માંડ્યા

તાજેતરમાં દિલ્હીના તાલકટોરા ઇન્ડોર સ્ટેડિયમ ખાતે ઓલ ઇન્ડિયા પર્સનલ લો બોર્ડ (એઆઈએમપીએલબી) દ્વારા આયોજિત સેવ વક્ફ કોન્ફરન્સમાં ઓલ ઇન્ડિયા મજલિસ ઇત્તેહાદુલ મુસ્લિમીન (એઆઈએમઆઈએમ) ના પ્રમુખ અસદુદ્દીન ઓવૈસી સાંસદ હાજર રહેલા અગ્રણી વ્યક્તિઓમાંના એક હતા અને મુખ્ય વક્તા પણ હતા. એવું બન્યું કે, ઓવૈસીએ આયોજકોને પૂછ્યું કે તેઓ વહેલા જવા માંગે છે અને તેમને પહેલા તેમનું ભાષણ આપવાની મંજૂરી આપવી જોઈએ, કારણ કે તેમની બીજું એક મહત્ત્વપૂર્ણ કામ હતું. તેમણે આયોજકોને ખાસ કરીને સ્ટેજ સંભાળતી વ્યક્તિને આ જ વાત યોગ્ય રીતે જણાવી. પરંતુ એઆઈએમપીએલબી પાસે તેમના માટે કેટલીક અન્ય યોજનાઓ હોય તેવું લાગતું હતું જેના વિશે ઓવૈસી અજાણ હતા. બોર્ડના પદાધિકારીઓએ તેમને કહ્યું કે તેમણે કોન્ફરન્સના અંતિમ ભાગમાં તેમનું ભાષણ સુનિશ્ચિત કર્યું છે. કારણ કે તેઓ મુખ્ય વક્તા હતા અને ખૂબ જ લોકપ્રિય હતા.